# ડૅડી : એક સર્વનામ

--રીવા બક્ષી

## વહાલની એક નવી પરીભાષા : 'થેંક યુ પપ્પા'

(આગામી થોડા જ  દીવસોમાં એક નવતર પુસ્તક 'થેંક યુ પપ્પા' પ્રકાશીત થઈ રહ્યું છે. જેમાં ગુજરાત તથા ભારતભરની શ્રેષ્ઠતર દીકરીઓએ તેમના પીતા વીશે વહાલ દર્શાવ્યું છે અને આવું વહાલ વરસાવવાની ઘટના ગુજરાતી પુસ્તક સ્વરુપે સૌ પ્રથમ વાર આવી છે. જેમાંના મોટા ભાગના લેખ ખાસ આ સંગ્રહ માટે લખાયેલા છે, એ આ પુસ્તકની ઉપલબ્ધી છે.

આ પુસ્તકમાં ગુજરાતી અને ગુજરાતેતર, જે શ્રેષ્ઠતર ૪૬ દીકરીઓએ પોતાના પીતા વીશે કલમ ચલાવી છે, એમાં વર્ષા અડાલજા, ઈલા આરબ મહેતા,  હીમાંશી શેલત, શરીફા વીજળીવાળા, અદીતી દેસાઈ, વંદના પાઠક, પુરબી જોશી, રીવા બક્ષી,  રીના મહેતા, કાજલ ઓઝા-વૈદ્ય, અમીષા શાહ, મનીષા મનીષ, રાજુલ મહેતા, મેઘના ગુલઝાર, નંદીતા દાસ, દીપ્તી નવલ, શબાના આઝમી, નીશા દકુણીયા સહીત ઈન્દીરા ગાંધી, બેનઝીર ભુત્તો અને મણીબહેન પટેલના લેખો અહીં સંગ્રહાયેલા છે.

ક્ષેત્ર સાહીત્યનું હોય કે રાજકારણનું કે સંગીત-નાટ્ય કે અભીનય કે પછી અન્ય કોઈ, દરેક ક્ષેત્રની દીકરીઓની વાત તમે વાંચો તો ખબર પડે એનું રોલ મોડેલ એનો પીતા જ હોય છે, લગભગ... એ એવા જ પાત્રની મહેચ્છા રાખતી હોય છે.

પીતા-પુત્રીના સંબંધ વીશે આ પહેલાં પણ 'દીકરી વહાલનો દરીયો' અને એક અનોખો વાર્તાસંગ્રહ 'પપ્પા-ડેડી-પીતા' પણ થયાં છે. આમ પણ પીતા-પુત્રીનો સંબંધ વીશ્વભરમાં સૌથી વીશેષ સંબંધ ગણાયો છે  અને એમાંય જ્યારે એક પક્ષે અતી પ્રસીદ્ધ વ્યક્તી પીતા કે દીકરી તરીકે હોય ત્યારે એ સંબંધ વધુ લાગણીસભર બને છે. અને એમાં જ્યારે આખા ભારતવર્ષની પુત્રીઓ પોતાની કલમ પ્રસાદી આપી રહી હોય ત્યારે આ સાચા અર્થમાં નજરાણું બની રહે છે. 'થેંક યુ પપ્પા' એ આવું જ એક મોંઘેરું અને નવલું નજરાણું છે.

તાજેતરમાં આકસ્મીક અવસાન પામેલા ગુજરાતી ભાષાના અતી લોકપ્રીય સાહીત્યકાર સ્વ. ચંદ્રકાંત બક્ષીનાં પુત્રી રીવા બક્ષીએ પણ આ પુસ્તકમાં પ્રદાન કર્યું છે. આવો માણીએ, રીવા બક્ષીએ લખેલા કેટલાક ભાવસભર અંશ..)

રજુઆત : પરીક્ષીત જોશી

......卐......

# ડૅડી : એક સર્વનામ

હું રીવા બક્ષી...

રીવા ચંદ્રકાંત બક્ષી!

મારા નામ પાછળના નામને અને એ નામના વજનને હું ફીલ કરી શકું છું. પ્રેમ કરું છું...

એ નામ મારા લોહીમાંના રક્તકણની જેમ મારા અસ્તીત્વ માટે જવાબદાર છે.

'ડૅડી'... ખરેખર કેટલો મોટો શબ્દ હોય છે! બોલતાં બોલતાં શ્વાસ ભરાઈ આવે એટલો મોટો કદાચ!

'ડૅડી' શબ્દ નથી... એ છે શબ્દનો અર્થ...'ડૅડી'  between the linesનો અર્થ છે.

શું હોય છે આ 'ડૅડી' શબ્દ?...એવું કયું વજન હોય છે, જે જીંદગી આખી તમને, તમારા સમગ્ર beingને એક અનોખો અર્થ આપ્યા કરે છે, સતત?

સાવ નાનપણમાં મારા વાળમાંથી રેશમી રીબીનો ખોલી, એક પછી એક હેરપીન કાઢી, વાળ છુટા કરી, માથામાં ધીરેધીરે હાથ ફેરવતા મને જાતે બનાવી ચઢાવીને પરીઓની વાર્તા કહેતા ડૅડીને હું પુછતી કે પરીને ચશ્માં હોય છે? અને ડૅડી પરીને ચશ્માં પહેરાવી દેતા, કારણ કે મમ્મી પણ ચશ્માં પહેરતી! અને એ પછી એમની લખેલી વાર્તાઓ, નવલકથાઓનાં ચૅપ્ટર્સ રોજ રાતે મેં સાંભળ્યાં છે...

આજે હું પણ મારા ડૅડીની જેમ પાંચ-છ ભાષાઓ જાણું છું- એનો સંપુર્ણ યશ એમને છે. એમણે મને શીખવ્યું ભાષાને પ્રેમ કરતાં... ડૅડી મારું ઘડતર છે! જો કે ડૅડી અને ચંદ્રકાંત બક્ષી એમ બે સાવ જુદી વ્યક્તીઓ પણ મેં જોઈ છે... ડૅડી... એક  perfectionist ... એક ક્રીયેટીવ સોલ્જર!

...ડૅડી, આજે જીંદગી ખુશનુમા બની ચુકી છે ત્યારે આપણે સાથે જ છીએ ને? મમ્મી ભલે શરીર સ્વરુપે હાજર નથી, પણ હું તો તમને બંનેને સાથે જ જોઉં છું...કારણ કે જીવનનાં તમામ સુખદુખ આપણે આપણા ત્રણ માણસોના નાના ટાઈટ પરીવારમાં સાથે સાથે ભોગવ્યાં છે..માણ્યાં છે!

૪૭ વર્ષમાં લગ્નજીવનમાં તમે અને મમ્મી તો સતત સાથે જ રહ્યાં-હમેશાં, સુવર્ણમુદ્રાની બે બાજુઓની જેમ.

યાદ છે, મમ્મી હમેશાં મને કહેતી કે તું હમેશાં તારા ડૅડીને જ સપોર્ટ કરે છે! પણ કદાચ એ જાણતી જ હશે કે છેવટે તો હું ડૅડી થ્રુ એને જ સપોર્ટ કરું છું! ખરું ને ડૅડી?

મને કોઈ તો કહી બતાવે કે વૃક્ષ સાચું કે એનું મુળ સાચુ?
બસ! મારા માટે મારું વૃક્ષ અને મુળ એ મારાં ડૅડી અને મમ્મી છે... એકબીજાના જ પર્યાય!

**....પરીવાર** માટે જવાબદારી, દોસ્તો માટે વફાદારી અને ખુદ માટે ખુદ્દારી !
ડેડીને મેં ડમ્બેલ્સ અને બારબેલ્સ લઈને આદમકદ આયના સામે વ્યાયામ કરતા જોયા છે...

એમના શરીરસૌષ્ઠવ પ્રત્યેની મર્દાના જીદ્દને જોઈ છે, અને એવી જ મર્દાના કલમ પર ન્યોચ્છાવર થતી આખી પેઢીને પણ જોઈ છે.

ડેડીનો આવો તેજતર્રાર મીજાજ જીન્સમાં કેટલો અનાયાસ વણાઈ ગયો છે કે, બીલકુલ એમની માફક, હું પણ તકલીફના સમયે મારું શ્રેષ્ઠતમ પ્રદાન કરું છું !

ડેડી હમેશાં કહે કે : never escape from the crisis...face it and today I operate my best during the crisis.

ડેડીએ કહેલું ,'જીવન જેવી મોંઘી મીરાતને આપણે બક્ષીઓ સલામતી જેવી સસ્તી ચીજ માટે ગીરવે ન મુકી શકીએ.' ડેડી શીખવે છે- Live dangerously !

**....મારાં** દાદીમા અને માનાં મૃત્યુ સીવાય ડેડીની આંખો ભીની થતાં મેં કદી નથી જોઈ; પણ એમની લાગણી સદાય લીલીછમ.

વૃક્ષના થડની કઠોર દેખાતી છાલ પણ એનાં મુળીયાંને કારણે અંદરથી તો ભીની જ રહેતી હશે ને!
ડેડી આપણું વૃક્ષત્વ અને તેની ભીનાશ હોય છે.
અને ડેડી અંગત મીત્ર હોય છે.

**....ગોવા**ની હોટેલમાં પહેલીવાર બીયર એમની સાથે પીધો છે...એમની સાથે કલકત્તાની રેસમાં પહેલીવાર ગઈ છું... એટલાન્ટીક સીટીના કેસીનોમાં જુગાર રમી છું-જ્યાં હું જીતતી હતી અને ડેડી હારતા રહ્યા હતા...

લંડનના સોહોમાં, પેરીસના પીગલમાં, ન્યુ યોર્કની ફોર્ટી સેકન્ડ સ્ટ્રીટમાં અમે સાથે પૈદલ ફર્યાં છીએ...
ફાધર અને ડૉટર- ટુગેધર!

ડેડીએ દુનીયા ખોલી આપી છે, મારા માટે, અને તે છતાં એ જ ડેડીએ મને શીખવ્યું કે, દુનીયામાં ડૅડી અને મમ્મી સીવાયના પણ માણસો છે અને દુનીયા સારા અને ખરાબ બધા જ પ્રકારના માણસોની બનેલી છે. એમણે મને ચૉપસ્ટીકથી ચાઈનીઝ ખાતાં શીખવ્યું...ટાઈની નોટ બાંધતાં શીખવ્યું...બીયર અને વાઈનનો ફરક સમજાવ્યો...વર્લ્ડ લીટરેચરની સૈર કરાવતાં કરાવતાં વાચન રોપ્યું... ક્રાઈસીસના સમયમાં કરેજની મહાનતા સમજાવી...ક્યારેય તુટી ન શકવાની જીદ્દનાં બીજ વાવ્યાં...ગુજરાતથી દુર રહીને પણ ઈઝરાયલના જ્યુઝની જેમ ગુજરાતને પ્રેમ કરતાં શીખવ્યું...ઈમાનદારી અને ખુદ્દારીના પાઠ શીખવ્યા...પૈસો ફેંકતાં શીખવ્યું...અને દીલદારીને ગળે લગાવતાં શીખવ્યું.

હા--
'ડેડી' એ શબ્દ છે જેણે મને કહ્યું કે,
'સરસ સંગીન જીવવું... એનાથી વધીને કોઈ કલા નથી, કોઈ સાહીત્ય નથી !'
કલા એ ફક્ત પરફોર્મ કરવાની વસ્તુ નથી...
એને જીવી પણ શકાય...
આવું વજન હોય છે --**'ડૅડી'** શબ્દનું !
આ **ચંદ્રકાંત બક્ષી** છે...
મારા **'ડૅડી'**...
નામ નહીં-પણ **સર્વનામ** !

-રીવા બક્ષી

**'સન્ડે મહેફીલ -૪૫'** માટે , તા. ૨ એપ્રીલ ૨૦૦૬ના **'દીવ્ય ભાસ્કર'** દૈનીકની **'મહેફીલ'** નામક રવીવારીય પુર્તી માંથી અને તા.૧ એપ્રીલના **'ચીત્રલેખા'**માંથી થોડા ઉમેરણ સાથે; **'ઉંઝાજોડણી'**માં અને **'વીજયા'** ફોન્ટમાં, સાભાર
અક્ષરાંકન : uttamgajjar@hotmail.com April 16, 2006